# આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- કલ્પના શાહ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારખ:-14-07-2024 સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

---

## રાષ્ટ્રપતિનું રાષ્ટ્ર જોગ ઉદબોધન

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ 78માં સ્વાતંત્ર્ય દિવસની પૂર્વ સંધ્યાએ આજે સાંજે 7 વાગે રાષ્ટ્રજોગ સંબોધન કરશે. જેનું સીધું જીવંત પ્રસારણ આકાશવાણીના તમામ કેન્દ્રો પર પ્રથમ હિન્દી અને ત્યારબાદ અંગ્રેજીમાં સાંભળી શકાશે. હિન્દી અને અંગ્રેજીમાં જીવંત પ્રસારણ બાદ પ્રાદેશિક ભાષાઓમાં પણ પ્રસારણ થશે.

**RNU અમદાવાદ**

---

## રાજ્યમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાના સ્વતંત્રતા પર્વની ઉજવણી ખેડાના નડિયાદ ખાતે કરાશે. જ્યારે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી બનાસકાંઠામાં, નાણામંત્રી કનુભાઇ દેસાઈ સુરતમાં, આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ મહેસાણામાં, કૃષિમંત્રી રાઘવજી પટેલ જુનાગઢમાં ધ્વજવંદન કરશે.

પાણી-પૂરવઠા મંત્રી કુંવરજી બાવળિયા અમરેલીમાં, પ્રવાસન મંત્રી મુળૂભાઈ બેરા બોટાદમાં, શિક્ષણમંત્રી ડૉ. કુબેર ડિંડોર સાબરકાંઠામાં, મહિલા અને બાળવિકાસ મંત્રી ભાનુબેન બાબરિયા ગીરસોમનાથમાં અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી વડોદરામાં જિલ્લાકક્ષાની સ્વતંત્રતા પર્વની ઉજવણીમાં ઉપસ્થિત રહેશે.

**RNU અમદાવાદ**

---

## જિલ્લા કક્ષાની ઉજવણી

જયારે કચ્છ જિલ્લા કક્ષાની ઉજવણી ગાંધીધામ ખાતે કરાશે. જે અંતર્ગત ઉધોગ, કુટીર ખાદી અને ગ્રામધોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિહ રાજપૂતના હસ્તે ધ્વજવંદન કરાશે.

મા.ખા

---

## ઉધોગમંત્રી ઔધોગિક તાલિમ કેન્દ્રની મુલાકાતે

ઉધોગ શ્રમ અને રોજગાર કેબિનેટમંત્રી બલવંતસિંહ રાજપૂત જિલ્લાના પ્રવાસે છે. ત્યારે આજે ગાંધીધામ ખાતે આવેલી ઔદ્યૌગિક તાલીમ સંસ્થાની તેમણે મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેમણે કૌશલ્ય વિકાસ માટે ચાલતા વિવિધ અભ્યાસક્રમોની માહિતી મેળવી હતી. આ ઉપરાંત, રાજ્ય સરકાર દ્વારા કૌશલ્ય વિકાસ માટે આપવામાં આવતી તાલીમની સમીક્ષા કરી હતી. તેમજ તાલીમ મેળવી રહેલા તાલીમાર્થીઓ સાથે સંવાદ કરીને ઉપલબ્ધ રોજગારીની તકો અને માળખાકીય સુવિધાઓ વિશે જાણકારી મેળવી હતી. અને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

મા.ખા

---

## વિભાજન વિભિષિક દિવસની ઉજવણી

આજે વિભાજન વિભિષિકા સ્મૃતિ દિવસની ઉજવણી અંતર્ગત માહિતી અને પ્રસારણ મંત્રાલયના કેન્દ્રીય સંચાર બ્યુરો ક્ષેત્રિય કાર્યાલય ભુજ દ્વારા તસ્વીર પ્રદર્શનનું આયોજન કરાયું હતું. બિદડા ખાતે યોજાયેલા આ પ્રદર્શનમાં દેશના ભાગલાના સમયે લાખો દેશવાસીઓના સંઘર્ષ અને બલિદાનની પરિસ્થિતિઓના દર્દને દર્શાવવાનો પ્રયાસ કરાયો છે. જેમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો.

મનોજ સોની

---

## ખાવડાથી ઈન્ડિયા બ્રિજ તિરંગાયાત્રા

હર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદના ગામોની તિરંગાયાત્રા તાલુકા પંચાયત, ગ્રામ પંચાયતો, આર્મી, BSF, પોલીસના સંયુક્ત ઉપક્રમે  ખાવડાથી ઇન્ડિયા બ્રિજ સુધી યોજવામાં આવી હતી. જેમાં આગેવાનો, ગામ લોકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યમાં જોડાયા હતા.

**પરેશ મારૂ**

---

## પુસ્તક વિમોચન કાર્યક્રમ

જિલ્લા મથક ભુજ ખાતે આગામી 17મી ઓગસ્ટના સ્મૃતિવન મેમોરિયલ ખાતે સંશોધક પ્રદીપ ઝવેરીના અંગ્રેજી પુસ્તકનું ગુજરાતી અનુવાદ ભીંતચિત્રોમાં કૃષ્ણચરિત્ર નામે કલાગંગોત્રી ગ્રંથ તથા કચ્છના લોકસાહિત્યકાર સ્વ. રામસિંહજી રાઠોડનું ગુજરાતી સંસ્કરણ 'કચ્છ અને રામરાંધ' કલાગંગોત્રી ગ્રંથનું વિમોચન કરવામાં આવશે. આ પ્રસંગે 12 જેટલા કલા અને સંસ્કૃતિ ક્ષેત્રે સમર્પિત સર્જકોને સંસ્કૃતિ સંવર્ધક સન્માન 2024થી સન્માનવામાં આવશે.

**RNU ઓફિસિયલ**

---

## પંચવટી વિકાસ કેન્દ્રનું લોકાર્પણ

કચ્છ વન વર્તુળ ભુજ દ્વારા આયોજિત જિલ્લાકક્ષાના ૭૫માં વન મહોત્સવની ઉજવણી તથા પંચવટી વિકાસ કેન્દ્રનું લોકાર્પણ પ્રસંગે સાંસદ વિનોદ ચાવડાએ જણાવ્યું હતું કે, આજે જિલ્લાના ત્રીજા પંચવટી કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું છે, જે સમાજ માટે ઉપયોગી બની રહેશે. તેમણે આ પ્રસંગે વન વિભાગ દ્વારા ૪૩ લાખ રોપાનો ઉછેર, વિતરણ તથા વાવેતર અંગેની જાણકારી નાગરિકોને આપીને પર્યાવરણના જતન માટે ચલાવવામાં આવતા વિવિધ અભિયાનો તેમજ

વનવિભાગ દ્વારા કરવામાં આવતી કામગીરીમાં સહયોગ આપવા અનુરોધ કર્યો હતો. આ સાથે પોતાના ઘર, આસપાસના વિસ્તારોમાં વૃક્ષારોપણ કરી અને તેનો ઉછેર કરવા જણાવ્યું હતું.

**મા.ખા**

---

## લોક રક્ષક ભરતી

રાજ્યમાં પોલીસ સબ-ઇન્સ્પેક્ટર અને લોકરક્ષક દળની ભરતી માટે અરજી કરનારા ઉમેદવારો માટે આગામી 26 ઑગસ્ટે પૉર્ટલ ખૂલ્લું મુકાશે. ઉમેદવારો 9 સપ્ટેમ્બર સુધી અરજી કરી શકશે. પોલીસ ભરતી બૉર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે જણાવ્યું હતું કે, આ વર્ષે સ્નાતક થયેલા ઉમેદવારો માટે પૉર્ટલ ફરી ખોલવામાં આવશે.

**RNU અમદાવાદ**

---

RNU BHUJ